## વિષય : ગુજરાતી ધોરણ : 7 સત્ર : 1

# એકમ કસોટી

## 5. રાનમાં જવાબવહી

### પ્રશ્ન-1. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

**(1) મોટેભાગે ચોમાસામાં કયા કયા પક્ષીઓ અને પ્રાણીઓનાં અવાજ સાંભળવા મળે છે ?**

**ઉત્તર** : ચોમાસામાં મોર, બપૈયા જેવા પક્ષીઓ અને દેડકાં જેવા પ્રાણીઓનાં અવાજ સાંભળવા મળે છે તેમજ રાત્રે તમરાં તીવ્ર અવાજ કરે છે.

**(2) ચોમાસામાં તમારી આસપાસ કયા કયા ફેરફારો થતા જોવા મળે છે ?**

**ઉત્તર** : ચોમાસા પહેલાં વાતાવરણમાં પુષ્કળ ઉકળાટ હોય છે, જે ચોમાસામાં વરસાદ પડતાં જ આ ઉકળાટ શમી જાય છે અને બધે ઠંડક પ્રસરે છે. ભીની માટીની સુગંધ પવન દ્વારા વાતાવરણમાં ફેલાય છે. મોર, બપૈયા જેવા પક્ષીઓ મધુર અવાજો કરે છે તેમજ દેડકાં ડ્રાંઉ...ડ્રાંઉ... કરી વાતાવરણને અવાજથી ભરી દે છે. ધરતી લીલીછમ દેખાય છે. નદી,નાળાં, કૂવા, સરોવર, તળાવ વગેરે પુષ્કળ પાણીથી છલકાય જાય છે.

**(3) ધોધમાર વરસાદમાં તમારા જેવી અનુભૂતિ કોને કોને થાય છે ?**

**ઉત્તર** : ધોધમાર વરસાદમાં આપણા જેવી અનુભૂતિ વાદળને, ઝરણાંને, લીલાછમ ઘાસને, ડુંગરને અને વરસાદના નેવાંથી દડદડતા ગામને થાય છે.

**(4) વરસતા વરસાદમાં કોને કોને ઝાડ તળે ગહેંકવાનું મન થાય છે ?**

**ઉત્તર** : વરસતા વરસાદમાં બધાંને ઝાડ તળે ગહેકવાનું મન થાય છે.

### પ્રશ્ન-2. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

(1) રાન – **જંગલ**

(2) આકાશ – **ગગન**

(3) પાન – **પર્ણ**

(4) ડુંગર – **પર્વત**

**પ્રશ્ન-3. નીચે આપેલી કાવ્યપંક્તિઓ પૂર્ણ કરીને લખો.**

ક્યાંક ચોમાસું ગાજે... ... ...

----------------------------------------------

----------------------------------------------

----------------------------------------------

----------------------------------------------

ધોધમાર હેઠું,

ઉત્તર : **“ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં,**

**વાડ પરે સૂતેલી સઘળી લીલાશ હવે નીતરતી**

**થાશે મેદાનમાં,**

**ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં...**

**ઊંચેથી આરપાર સરતું આકાશ હવે ઊતરશે**

**ધોધમાર હેઠું,”**

**પ્રશ્ન-4. નીચે આપેલી કાવ્યપંક્તિઓમાં દર્શાવેલો ભાવ દર્શાવવા માટે કવિએ કાવ્યમાં કઈ પંક્તિઓ વાપરી છે તે લખો.**

**(1)** વાડ પરની લીલાશ હવે મેદાનમાં આવશે.

કાવ્યપંક્તિ : **“વાડ પરે સૂતેલી સઘળી લીલાશ હવે નીતરતી**

**થાશે મેદાનમાં,”**

**(2)** પલળેલો પવન આપણને ચોમાસું બેસવાનો સંદેશ આપશે.

કાવ્યપંક્તિ : **“ભીંજાતા વાયરાઓ વહેશે સંદેશા કે ચોમાસું**

**ધારધાર બેઠું.”**